# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે નંબર પ્લેટ વગરની કારની તલાસી લેતા ભાંડો ફુટ્યો

## તારાપુર ચોકડીથી કોડીન કફ સીરપનો જંગી જથ્થા સાથે ધોળકાના બે શખસ પકડાયાં

**પોલીસે ૩.૬૯ લાખથી** વધુનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદ જિલ્લામાં યુવાધનને બરબાદ કરતી નશાકારક દવાઓ અને કેફી દ્રવ્યોના ગેરકાયદેસર કારોબાર સામે આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમે લાલ આંખ કરીને મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે તારાપુર મોટી ચોકડી સર્કલ પાસેથી પસાર થતી એક નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારમાંથી એનડીપીએસ ઘટક ધરાવતી પ્રતિબંધિત કોડીન કફ સીરપના જંગી જથ્થા સાથે ધોળકાના બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે કાર, રોકડ રકમ અને સીરપ સહિત કુલ રૂ. ૩,૬૯,૬૧૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ એસઓજી પોલીસની ટીમે મળેલી ચોક્કસ બાતમીના આધારે તારાપુર મોટી ચોકડી ખાતે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એક નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારને અટકાવીને તલાશી લેતાં તેમાંથી પ્રતિબંધિત



નશાકારક કોડીન કફ સીરપનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાં સવાર ધોળકાના બે ઈસમોને ઝડપી પાડ્યા હતા, જ્યારે આ નશાકારક સીરપના રેકેટમાં સંડોવાયેલ પચેગામનો એક શખ્સ પોલીસ પકડથી દૂર રહેતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

આ મામલે તારાપુર પોલીસ મથકે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે આ નશાકારક સીરપનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આગળ કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ કાર્યવાહીમાં કફ સીરપની ૧૩૫ બોટલો, નંબર વગરની કાર, મોબાઈલ ફોન ૨, રોકડ રકમ મળી કુલ કુલ રૂ. ૩,૬૯,૬૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં પચેગામના શખસની સંડોવણી ખુલી છે. તેની શોધખોળ હાથ ધરી છે.

## ગળતેશ્વરમાં ગૌવંશ કતલમાં પિતા-પુત્રને ૧૦ વર્ષની કેદ

**પોલીસના દરોડામાં** ૬૦ કિલો માંસ અને હથિયારો સાથે રંગેહાથ ઝડપાયા હતા

(પ્રતિનિધિ) નડિયાદ. તા.૧૭

ગળતેશ્વર તાલુકાના વસો નવી નગરીમાં ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરી માંસનું વેચાણ કરવાના કેસમાં નડિયાદની પાંચમી એડીશનલ સેશન્સ કોર્ટે પિતા-પુત્રને કસૂરવાર ઠેરવીને ૧૦ વર્ષની સખત કેદ અને પ્રત્યેકને ૧ લાખના દંડની સજા ફટકારી છે.

ગળતેશ્વરના વસો નવી નગરીમાં રહેતા ૪૮ વર્ષીય જાકીરહુસેન ઈસ્માઈલમીયાં ભઠિયારા અને તેનો ૨૮ વર્ષીય પુત્ર મોહસીન ભઠિયારા પોતાના જ મકાનમાં ગૌવંશનું કટીંગ કરી રહ્યા હોવાની બાતમીના આધારે ૨૫મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સેવાલિયા પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડો પાડ્યો ત્યારે બંને આરોપીઓ ગૌવંશનું કટીંગ કરી ચામડી ઉતારી રહ્યા હતા.

આ ઘટનાસ્થળેથી આશરે ૬૦ કિલોગ્રામ માંસ અને ચામડું, લાકડાના ટેબલા, લોખંડની કુહાડી, મોટા છરા, છરીઓ, વજન કાંટો અને ૨ મોબાઈલ સહિત કુલ ૨૩,૧૮૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ અંગે સેવાલિયા પોલીસે પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ, ભારતીય ન્યાય સંહિતા અને પ્રાણી સંરક્ષણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કેસ નડિયાદની પાંચમી એડીશનલ સેશન્સ જજ આર. જે. મીરાણીની કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. જેમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર ડી. સી. પ્રજાપતિએ ૧૩ દસ્તાવેજી પુરાવાઓ અને ૧૦ સાક્ષીઓની જુબાનીઓ રજૂ કરીને ધારદાર દલીલો કરી હતી. કોર્ટે તમામ પુરાવા અને જુબાનીઓને ગ્રાહ્ય રાખી બંને પિતા-પુત્રને દોષિત ઠેરવી ૧૦-૧૦ વર્ષની સખત કેદ અને પ્રત્યેકને ૧ લાખના દંડની સજા સંભળાવી છે. જો આરોપીઓ દંડ ન ભરે તો વધુ ૬ માસની સાદી કેદ ભોગવવાનો હુકમ કરાયો છે.

### પત્નીને પ્રેમસંબંધ માટે દબાણ કરતા પતિએ હત્યા કરી

## ઠાસરામાં યુવકની હત્યા કેસમાં એકને આજીવન કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

ઠાસરા તાલુકાના મુળિયાદ ગામે પત્ની સાથે પ્રેમસંબંધ રાખવા દબાણ કરનાર યુવકની ચકચારી હત્યા કેસમાં નડિયાદની એડીશનલ સેશન્સ કોર્ટે મુખ્ય આરોપી હસમુખ ઉર્ફે પૂઠો શૈલેષ રાઠોડને દોષિત ઠેરવી આજીવન કેદની સજા સંભળાવી છે.

મુળિયાદ નવીનગરીમાં રહેતા હસમુખ રાઠોડની પત્ની સાથે ૨૧ વર્ષીય આકાશ મનુ રાઠોડ અવારનવાર પ્રેમસંબંધ બાંધવા દબાણ કરતો હતો, જેને લઈને બંને વચ્ચે તીવ્ર અદાવત ચાલતી હતી. આ અદાવતમાં ગત ૦૯મી જૂન ૨૦૨૪ની રાત્રે હસમુખે આકાશને ફોન કરીને ગામની આંગણવાડી પાસે મળવા બોલાવ્યો હતો. જ્યાં બોલાચાલી અને ઝઘડો ઉગ્ર બનતાં, હસમુખે ઉશ્કેરાઈ જઈને પોતાની પાસે રહેલા ચપ્પુ વડે આકાશના ગળાના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ઠાસરા પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની કામગીરી દરમિયાન સરકારી વકીલ સાગર આર. ભટ્ટે ૨૪ દસ્તાવેજી પુરાવા અને ૧૭ સાક્ષીઓની જુબાની રજૂ કરી ધારદાર દલીલો કરી હતી. કોર્ટે તમામ પુરાવાઓને ગ્રાહ્ય રાખીને મુખ્ય આરોપી હસમુખને આજીવન કેદની સજા ફટકારી છે.

### આણંદમાં બાંધકામના રૂ. ૨.૨૦ લાખ ન ચૂકવવા કારસો ઘડ્યો

## આણંદમાં વેપારીએ કોન્ટ્રાક્ટર સાથે રૂપિયા ૧૮ લાખની છેતરપિંડી આચરી

**સિક્યોરિટી પેટે** લીધેલા ૮ કોરા ચેકમાં ખોટી રકમ ભરી કોર્ટ કેસ કર્યા

**નાણાં માંગતા લાફો** મારી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદના ભાલેજ રોડ પર રહેતા કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર પાસેથી મકાનના બાંધકામના બાકી નીકળતા નાણાં ન ચૂકવવા તથા રૂ. ૧૮ લાખની છેતરપિંડી આચરવા બદલ સામરખાના કાર લે-વેચના વેપારી સામે આણંદ રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

આણંદના ભાલેજ રોડ પર આવેલી નંદ પાર્ક સોસાયટીમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા ૫૮ વર્ષીય નરેશભાઈ નાથાભાઈ પ્રજાપતિએ સામરખા ચોકડી બુલેટ ટ્રેન પાસે 'અકશા મોટર્સ' ધરાવતા અજીતભાઈ યુસુફભાઈ વહોરા (અજીત દાલવાલા) ના મકાનનું રૂ. ૫.૪૦ લાખમાં પહેલા માળનું બાંધકામ રાખ્યું હતું. નરેશભાઈએ રૂ. ૩.૩૦ લાખનું કામ પૂર્ણ કરી દીધું હોવા છતાં, આરોપી અજીત વહોરાએ માત્ર રૂ. ૧.૧૦ લાખ ટુકડે-ટુકડે ચૂકવી બાકીના રૂ. ૨.૨૦ લાખ ચૂકવ્યા નહોતા.

ફરિયાદીની આર્થિક તંગી અને મકાનની લોન બાકી હોવાનો લાભ ઉઠાવી, આરોપીએ ઓળખીતા મારફતે ઓછા વ્યાજે રૂ. ૧૮ લાખ અપાવવાની લાલચ આપી હતી. આ બહાને નરેશભાઈ અને તેમના પરિવારજનો પાસેથી સહીવાળા ૮ કોરા ચેક સિક્યોરિટી પેટે લઈ લીધા હતા. જોકે, નાણાં અપાવવાને બદલે આરોપીએ ફરિયાદીના ચેકમાં રૂ. ૯.૫૦ લાખ અને તેમના પુત્ર નિકુંજના ચેકમાં રૂ. ૮.૫૦ લાખની બોગસ રકમ ભરી બેંકમાં વટાવી નેગોશિયેબલ એક્ટ હેઠળ કોર્ટમાં ખોટા કેસો દાખલ કરી દીધા હતા.

નરેશભાઈએ સલાટીયા ફાટક પાસે પોતાના બાકી નાણાંની ઉઘરાણી કરતા આરોપીએ તેમને લાફો મારી મારઝૂડ કરી હતી. ઉપરાંત, તાજેતરમાં ફોન પર "રૂપિયા નહીં ભરે તો તારી ઠાઠડી કઢાવી નાખીશ" તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે આણંદ રૂરલ પોલીસે અજીત વહોરા સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને ધાકધમકીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આસોદર : બંધ મકાનમાંથી સવા લાખની મતાની ચોરાઇ

(પ્રતિનિધિ) આંકલાવ તા.૧૭

આંકલાવ તાલુકાના આસોદર ગામે આવેલી આધાર શીલા સોસાયટીમાં તહેવાર નિમિત્તે બંધ રહેલા મકાનને નિશાન બનાવી તસ્કરો ઘરના મુખ્ય દરવાજાના નકૂચા તોડી રૂ. ૧.૨૫ લાખની સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે.

આંકલાવના આસોદરની આધાર શીલા સોસાયટીના મકાન નંબર ૦૬ માં રહેતા અને નંદેસરીની ખાનગી કંપનીમાં નોકરી કરતા મેહુલભાઈ જયંતીભાઈ પંડિત (ઉં.વ. ૨૭) ગત તા. ૨૩ ઓગસ્ટના રોજ રક્ષાબંધન પર્વ નિમિત્તે પત્નીને પિયર મૂકી કહાનવાડી ગામે માતા-પિતા પાસે ગયા હતા. આ દરમિયાન બંધ મકાનનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજા અને લોખંડની જાળીનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બીજા દિવસે સવારે પડોશીએ દરવાજો તૂટેલો જોતાં મકાનમાલિકને ફોન કરીને જાણ કરી હતી.

આથી, પરિવારે તાત્કાલિક આવીને તપાસ કરતાં તિજોરીમાંથી અડધા તોલાની સોનાની વીંટી, એક તોલાની સોનાની ચેન, ચાંદીના ત્રણ જોડ છડા તેમજ વીસી પાકતા મૂકેલી રોકડ રકમ રૂ. ૩૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૨૫,૦૦૦/- ની મતા ચોરાઈ ગઈ હોવાનું બહાર આવ્યું છે. આ અંગે આંકલાવ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તેનું પગેરૂ મેળવવા ચક્રોગતિમાન કર્યાં હતાં.

### દુબઈના વર્ક પરમિટ વિઝાના નામે પરિવારના 3 સભ્યે નાણા પડાવ્યાં

## આણંદના વિદેશ વાંચ્છુ યુવક સાથે ૧.૯૧ લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

દુબઈમાં બે વર્ષના વર્ક પરમિટ વિઝા અને ૧૦૦ ટકા નોકરી અપાવવાની ખાતરી આપી આણંદના એક યુવક પાસેથી રૂ. ૨.૫૫ લાખ મેળવી કતારના ટૂરિસ્ટ વિઝા આપી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે આણંદ ટાઉન પોલીસે 3 શખસ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આણંદના ભાલેજ રોડ સ્થિત અયાઝ સોસાયટીમાં રહેતા અને કપડાંના શોરૂમમાં નોકરી કરતા આસીફ ગુલામનબી વ્હોરા (ઉં.વ. ૨૬) ના પિતા જૂના બસ સ્ટેન્ડ પાસે ફ્રૂટની લારી ચલાવે છે. વર્ષ ૨૦૨૫માં તેમના પરિચિત પરવિનબેન વ્હોરા અને તેમના પુત્ર માહિર વ્હોરાએ લારી પર આવી પોતાના પતિ લુકમાનભાઈ વ્હોરા દુબઈના વર્ક પરમિટ વિઝા કરાવી આપતા હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ લુકમાન વ્હોરાએ ૨ વર્ષના વર્ક પરમિટ વિઝા અને ૧૦૦% નોકરીની ખાતરી આપી ટુકડે-ટુકડે રોકડા તથા ઓનલાઈન મળી કુલ રૂ. ૨.૫૫ લાખ મેળવી લીધા હતા.

જોકે, થોડા સમય બાદ આરોપીઓએ વર્ક પરમિટના બદલે કતાર દેશના ટૂરિસ્ટ વિઝાની પીડીએફ મોકલી આપી હતી. વિઝા કન્સલ્ટન્સીમાં તપાસ કરાવતા જ છેતરપિંડી થઈ હોવાનો પર્દાફાશ થયો હતો. આથી, ભોગ બનનારે નાણાં પરત માંગતાં આરોપીઓએ માત્ર રૂ. ૬૪,૦૦૦/- પરત કર્યા હતા. બાકીની રકમ પેટે આપેલો રૂ. ૧ લાખનો ચેક ખાતું બંધ હોવાના કારણે રિટર્ન થયો હતો. બાકી નીકળતા રૂ. ૧.૯૧લાખ આપ્યા વિના આરોપીઓ મકાન ખાલી કરીને ભરૂચ રહેવા જતા રહ્યા હતા.

આ મામલે આણંદ ટાઉન પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે લુકમાનભાઈ વ્હોરા, પરવિનબેન વ્હોરા અને માહિર વ્હોરા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુરમાં વૃદ્ધ સાથે 99 હજારનું સાયબર ફ્રોડ

**માત્ર ૬ મિનિટમાં ૫** ટ્રાન્ઝેક્શન મારફતે રકમ ઉપડી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૭

સંતરામપુર તાલુકાના સીમલીયા ગામે તળગામ ફળિયામાં રહેતા અને એલઆઈસીમાંથી નિવૃત્ત થયેલા ૬૨ વર્ષીય ખેડૂત શંકરભાઈ ફુલાભાઈ પારગી સાથે રૂ. ૯૯,૦૦૦નું સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, ગત તા. ૧૦ સપ્ટેમ્બરની રાત્રે તેઓ મોબાઈલમાં સમાચાર અને સોશિયલ મીડિયા જોઈ ફોન ઓશીકા પાસે મૂકીને સૂઈ ગયા હતા. બીજા દિવસે સવારે મોબાઈલ જોતાં તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી સવારના ૭:૨૬ થી ૭:૩૨ વાગ્યાની માત્ર ૬ મિનિટમાં અલગ-અલગ પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. ૯૯,૦૦૦ કપાઈ ગયાના મેસેજ મળ્યા હતા. આ નાણાં અજાણ્યા સાયબર ગઠિયાઓના બે બેંક ખાતાઓમાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

બેંકમાં હડતાલ હોવાના કારણે અરજદારે તુરંત નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. અરજદારની આ સમયસૂચકતાને પગલે સાયબર સેલ દ્વારા કપાયેલી રકમ પૈકી રૂ. ૪૯,૦૦૦ની રકમ હોલ્ડ કરાવી લેવામાં સફળતા મળી હતી. આ સમગ્ર મામલે સંતરામપુર પોલીસે અજાણ્યા ખાતાધારકો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

## પરિણીતાનું ગ્રીનકાર્ડ હડપ કરી સાસરિયાં અમેરિકા ભાગી ગયા

પેટલાદ રૂરલ પોલીસમાં પતિ, સાસુ-સસરા અને મામા સસરા વિરુદ્ધ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.17

આણંદ તાલુકાના નાવલી ગામની એમએસસી થયેલી પરિણીતાના પાસપોર્ટ, ગ્રીનકાર્ડ અને શૈક્ષણિક સર્ટિફિકેટો લોકરમાં સાચવવાના બહાને પડાવી લઈ, છૂટાછેડા આપવાનું દબાણ કરી સાસરિયાં અમેરિકા ભાગી ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે પરિણીતાની ફરિયાદના આધારે પેટલાદ રૂરલ પોલીસે પતિ, સાસુ, સસરા અને મામા સસરા સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

નાવલી ગામની ૩૦ વર્ષીય હનીબેનના લગ્ન વર્ષ ૨૦૨૩માં વાસદના અને હાલ અમેરિકાના સાનજોસે (કેલિફોર્નિયા) સ્થાયી થયેલા રોનીતકુમાર નૈમીશકુમાર પટેલ સાથે થયા હતા. માર્ચ-૨૦૨૫માં સાસુ-સસરા પરિણીતાને અમેરિકા લઈ ગયા હતા, જ્યાં એરપોર્ટ પર સાસુ અલ્પાબેને પાસપોર્ટ લઈ લીધો હતો. અમેરિકા પહોંચ્યા બાદ પતિ રોનીતકુમારે સાચવીને લોકરમાં મૂકવાના બહાને તમામ અસલ શૈક્ષણિક પ્રમાણપત્રો, પાસપોર્ટ, આધારકાર્ડ, પાનકાર્ડ, જન્મ-લગ્ન દાખલા, ગ્રીનકાર્ડ, સોશિયલ સિક્યોરિટી કાર્ડ અને આઈડી કાર્ડ મેળવી લીધા હતા.

જોકે, અમેરિકામાં યોગ્ય નોકરી ન મળતાં પતિ તથા સાસુ-સસરા માનસિક ત્રાસ આપી છૂટાછેડાની માંગણી કરવા લાગ્યા હતા. આ બાબતે ચર્ચા કરવા ૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તમામ ભારત આવ્યા હતા. સુણાવ ગામે મામા સસરા સંતોષભાઈ રતિલાલ પટેલના ઘરે પરિણીતા અને તેના માતા-પિતાને બોલાવી "છૂટાછેડા નહીં આપો તો દસ્તાવેજો પાછા નહીં મળે" તેવી ધમકી આપી ઘર બહાર કાઢી મૂક્યા હતા. બાદમાં પરિણીતાના પતિ રોનીતકુમાર, સસરા નૈમેશકુમાર અને સાસુ અલ્પાબેન તમામ અસલ દસ્તાવેજો પોતાની પાસે રાખી પરિણીતાને જાણ કર્યા વગર જ અમેરિકા રવાના થઈ ગયા હતા. આ અંગે પરિણીતાની ફરિયાદ પરથી પેટલાદ રૂરલ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## નડિયાદ શહેરમાં કારમાંથી એક લાખના દારૂ પકડાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ ટાઉન પોલીસે ચકલાસી ભાગોળ વિસ્તારમાં વહેલી સવારે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે GEB પોલીસ સ્ટેશનની ગલીમાં દરોડો પાડી સફેદ મારુતિ કારમાંથી 1,00,320 ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

નડિયાદ ટાઉન પોલીસની ટીમ વહેલી સવારે પેટ્રોલિંગમાં હતી ત્યારે ચકલાસી ભાગોળથી ફતેપુરા રોડ તરફ જતા માર્ગ પર આવેલી GEB પોલીસ સ્ટેશનની ગલીમાં એક સફેદ મારુતિ કારમાંથી વિદેશી દારૂનું કટિંગ થવાનું હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી કારની સઘન તપાસ કરતા અંદરથી 456 નંગ બિયર ટીન મળી આવ્યાં હતાં. આ કાર્યવાહીમાં પોલીસે ઘટનાસ્થળેથી 1,00,320 નો દારૂ, 5,000 ની કિંમતનો એક મોબાઈલ ફોન અને 3,00,000 ની કિંમતની સફેદ મારુતિ કાર મળી કુલ 4,05,320 નો બિનવારસી મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસને ગાડીની તપાસ દરમિયાન વાહન માલિક તરીકે મિત્રાલ ગામની ક્રિષ્નાનગર સોસાયટીના રહેવાસી નિલેશ કાંતિ પટેલના નામ દર્શાવતી આરસી બુક મળી આવી છે. આ ઉપરાંત, મરીડા ભાગોળ પાસે ભૈરવનાથ મંદિર નજીક રહેતા ગોપાલ રવિભાઈ તળપદાનું આધાર કાર્ડ તથા ખેડા RTO દ્વારા ફટકારવામાં આવેલ 7,500 ના દંડનું ચલણ મળ્યું હતું.

### દારૂના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી 10 હજાર માગ્યા

## માતરના લીંબાસીમાં કમરે રિવોલ્વર ભેરવી હપ્તો માગતા બે ઝડપાયા

**વેપારીએ** અસલી પોલીસ બોલાવી લેતા અમદાવાદના બે જેલ ભેગા થયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

ખેડા જિલ્લાના માતર તાલુકાના લીંબાસી ગામે પોલીસની ઓળખ આપી વેપારી પાસે હપ્તો માગનારા અમદાવાદના બે નકલી પોલીસ શખ્સોને અસલી પોલીસે ઝડપી પાડ્યા છે. દારૂનો કેસ કરવાનો ડર બતાવી પૈસા માગતા વેપારીએ સમયસૂચકતા વાપરી પોલીસને જાણ કરી દેતા બંને શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

લીંબાસી ગામમાં વાળંદ ખડકી સામે રહેતા અને માલાવાડા ચોકડી નજીક શ્રીજી આર્કેડ કોમ્પ્લેક્ષમાં 'જલારામ ઓટો પાર્ટ્સ એન્ડ સર્વિસ સ્ટેશન' ચલાવતા રવિકુમાર રમેશ ઠક્કર પોતાની દુકાને હાજર હતા ત્યારે બે અજાણ્યા શખ્સો ત્રાટક્યા હતા. તેમાંથી એક શખ્સે પોતાની ઓળખ 'જોરુ' તરીકે આપી પોતે પોલીસ ખાતામાં હોવાનો રોફ જમાવ્યો હતો. કમર પર રિવોલ્વર લટકાવેલી હોવાથી શરૂઆતમાં વેપારી ગભરાઈ ગયા હતા.

આ શખ્સોએ અહીં દારૂનો ધંધો ચાલતો હોવાનું અને



અગાઉ પણ કેસ થયા હોવાનું કહી ધંધો કરવા માટે દર મહિને 10,000 નો હપ્તો માગ્યો હતો તેમજ પૈસા નહીં આપે તો દારૂનો કેસ કરી દેવાની ધમકી આપી અપશબ્દો બોલી દાદાગીરી કરી હતી. વેપારીએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ માત્ર ઓટો પાર્ટ્સનો જ વેપાર કરે છે.

વેપારીની સમયસૂચકતા અને પોલીસ કાર્યવાહી માથાકૂટ વધતી જોઈ વેપારી રવિકુમારે સમયસૂચકતા વાપરી બંનેને 'હાલમાં પૈસા નથી, થોડીવાર પછી આવો' તેમ કહી રોકી રાખ્યા હતા અને તુરંત જ લીંબાસી પોલીસને જાણ કરી દીધી હતી. આ ઘટનાસ્થળે પહોંચેલી લીંબાસી પોલીસે બંને શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરતા બંને આરોપીઓ અમદાવાદના હોવાનું ખૂલ્યું હતું. પોલીસે જોરુ રઘુ અલગોતર અને કલ્પેશ ધીરુ પટેલ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદમાં નવ શિબિરમાં ૬૨૪ યુનિટ રક્ત એકત્રિત

**સેવા મેરા યોગદાન** અંતર્ગત ૬ મુખ્ય કેન્દ્રો પર રક્તદાન કેમ્પ યોજાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદ જિલ્લામાં સેવા મેરા યોગદાન અભિયાન અંતર્ગત કલેક્ટર પ્રવીણ ચૌધરી તથા જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન અને સુચારૂ આયોજન હેઠળ જિલ્લાના વિવિધ સ્થળોએ ૯ જેટલા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા યજ્ઞમાં જિલ્લાના નાગરિકો, યુવાનો અને સેવાભાવી સંસ્થાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિશેષ રક્તદાન સત્ર દરમિયાન કુલ ૬૨૪ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું, જેનાથી જરૂરિયાતમંદ દર્દીઓ અને કટોકટીના સમયે હોસ્પિટલોમાં રક્તની અછત દૂર કરવામાં મોટી મદદ મળી રહેશે.

આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મુખ્ય ૬ કેન્દ્રો ખાતેથી રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જેમાં આણંદમાં ૨૭૨ અને 25 યુનિટ, કરમસદમાં ૨૦૩ યુનિટ, ચાંગામાં ૫૪ યુનિટ, પેટલાદમાં ૫૦ યુનિટ અને તારાપુરમાં ૨૦ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. 'રક્તદાન એ જ મહાદાન'ના સૂત્રને સાર્થક કરતા કલેકટર પ્રવીણ ચૌધરીએ તમામ રક્તદાતાઓ, તબીબી ટીમ, રેડક્રોસ સોસાયટી અને શિબિરોને સફળ બનાવવામાં સહયોગ આપનાર તમામ સંસ્થાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.